# સારદા વિ.

## નાટકના ગાયનો

શ્રી હિન્દ વીજય નાટક સ

રચી પ્રસીધ્ધ કરનાર

મેનેજર અલ્લારખા કરી

આવૃત્તી પેલી

કરાચીઃ—

'મહાલક્ષ્મી છાપખાનામાં છા', ૭૮. મ

કીમત ૦—૨—૦

# મુખ્ય પાત્રોના નામ.

## પુરૂષ વર્ગ.

| | | |
|---|---|---|
| ભુમી | ... ... ... ... | ભાગાનગરી અને મોહનગઢ. |
| સુત્રધાર | ... ... ... | નાટ્ય ચાલક. |
| નટી | ... ... ... ... | સુત્રધારની સ્ત્રી. |
| ચંપકસેન | ... ... ... | મોહનગઢનો રાજા. |
| પ્રધાન | ... .. ... ... | ચંપકસેનનો. |
| ચુડામણી | ... ... ... | તેનો પુત્ર રાજકુમારીનો આશક. |
| કાળીદાસ-(નાયક | ... .. ... | બ્રાહ્મણનો છોકરો કાળીકાનો વરદાઇ, ચંપકનો પતી. |
| ભોજરાજ | ... ... .. | ધારાધીપતી. |

## સ્ત્રી વર્ગ

| | | |
|---|---|---|
| લીલાવતી | ... ... ... ... | ભોજરાજની સ્ત્રી. |
| ચંપક-(નાઇકા) | ... ... ... | ચંપકસેનની પુત્રી કાળીદાસની સ્ત્રી. |
| વીલાસી | ... ... ... ... | વારાંગના |
| કાળીકા | ... ... ... ... | દેવી જગદંબા. |

સીવાય ગુરૂ, સીપાઇ, ચોપદાર દાસીઓ, મારાઓ દરબારીઓ, છોકરા, કંચનીયો, ટેલીયો ડોસી, પાડોસી, દેવીદાસ, મોધી, સીપાઇઓ, છોકરીઓ વિગેરે.

# સારદા વિજય નાટકનાં ગાયનો

સુત્રધાર-બાળાઓ— ૧

શ્રી દેવી શારદે,
બીડ ભંજની ભકતની ભારથીમા,
ચરણ શરણમાં લે, લે, લે.—શ્રી દેવી.
શ્વેત વસ્ત્ર વપુત શ્વેત ધારિણી,
હંસ વાહિની પ્રજ્ઞ ચારિણી,
માત વિજય વર દે, દે, દે.—શ્રી દેવી.

બાળાઓ— ૨

આજ કોણ શિરે વીજય વરનાર છે,
જેછે લક્ષ્મીનો યાર કે છે વિધા વરનાર—કોણ,
વરે વિધા વિજય લક્ષ્મી હાર છે,
શી છે આપો સાબીતી આધાર,
ચોરે ચોરને લુંટારૂં લુંટનાર છે,
ખાતાં ખચે છે લક્ષ્મ જનાર,
ચોરો ચોરાય જેમ લુંટો લુંટાય જેમ,
ખરચો ખરચાય જેમ વિદ્યા વધનાર—કોણ૦

નટી— ૩

સુમન સુગંધિત સુરસ સુરંગિત, રહ્યા વિકસિત શા બાગેજો
કલી કલી અલી અલી રમત! ભમતાં ચુમતા રસ શા લાગેજો,
સુણી મીઠડાં પંખી ગીતડાં, હરણ ચિત શા ભાગે જો
મંદ લ્હેરખી પવનની સખી શાંતિ ઝરણા ગીત શા વાગેજો
અતી અદ્દભુત કુદરત કૃતી ગતીકો મહા મતી તેને તાગેજો-સુમન'

હાસીઓ— ૪

બેને ફરે ખીલ્યો જોબનીઆનો બાગ છે,
ખીલ્યો છે ગાલકે ખીલ્યા છે ગુલાબ આ,
છુટી જો અપરાધ આ છુટી કેશ નાગ છે—ખીલ્યો
હેમ સુધારસ ભર નેણુ સમારથન કર,
કીકીનો સ્વચ્છને મચ્છ બાગબર.
અખંડ અમ્રુત જલ બાગ છે—ખીલી-જો

ચંપક-સખીઓ— ૫

ગરબો

વહાલો વહાલો જશોદાનો લાલો વાલમ લાગે વહાલો,
આઠ અંગે રૂડોને રૂપાળો વાલમ—લાગે વહાલો.
સુંદર ઘનશ્યામ સુખધામે બીરાજે
આદિત્ય લાલ બાલ શોભેછે આજે
મનહર મુખ મલકાવે કાનો કાલો-હા મારો વ્હાલો
મોર મુગટ શીર શોભતો કુંડળ લવકે કાન,
સરવાંગે શોભે અતિ આભુષણ મુલ્યવાન ઘમ ઘમ ઘમકે રે,
ઠુમ ઠુમ પગ ઠમકાવે ઘુઘરી કાન ઘમ ઘમ ઘમકાવેછેરે-ઘમ ઘમ ઘમકે રે.
રૂમઝુમ ઝાંઝરીઓ જમકાવે મનડું લલચાવે લાલજી—મનડું લલચાવે.
કર કંકણ કંચન તણા કંઠે નવસર હાર
નીલમણી નંગે જડ્યો તેજ તનો અંબાર

આપવા મુકુંદને મોતીડે વધાવાને ગોપીકા ગોવીંદજીના ગુણ
નીશદીન ગાઓને તન મન અરપીને આનંદે મ્હાલો–હાં મારો.

ચંપક-ચુડામણી— ૬

જાજા. ગોલા બહુ બોલા શું ડોળા બતાવે,
બાળી ભોળી તેં ભાળી તે નારી બીચ રી,
તું શું દમ મારીને દબાવે— જા જા.
મારૂં કુમારી નહીં થાવું છે,
તુંથી ભાવી નહીં ભુસાવું છે,
જો તું માન,
જા નાદાન,
(પ્રભુ) બેલી શ્રી સત્યનો બચાવે જય,
તું શું ફાવે ત્યાં—જા જા.

ખેડુતના છોકરા- ૭

રમો કુદો આવો ગેડી દડો લાવો,
જોડી જોડી જાઓ, ભેરૂઓ થાઓ.
ગેડીને દડેન રમ્મત ચડેન.
ગમ્મત પડે નલગાર,
આંખ મિચાંમણી, છુપ છુપામણી,
ઘોડ દોડામણી, મોજ ચલાવ,
કોણ કહે ચોડા થાઓ,
કહો કોણ થાઓ છો વસાર બતાવો—રમો.

ગુડામણી— ૮

વાહ ન્યારી શી ખુબી છે ભાગ્ય તારી,
નાખુ સવળ કરે દાવ અવળ પડે,
જો તું ફરે કરે છત્ર ધ.રી ભીખારી—ન્યારી.
મ્હોત મળે ચહી રહ્યો મણીધર જયાં,
જો તું ફળે તો નળે મણિ કર ત્યાં,
બાળી કૃતી તારી મતી ભારી ગઇ હારી—ન્યારી.

ચપંક-સખીયો- ૯

જાએ જાઓ છોડો છેડો ન
છોડો ન કડો હયો નાહી સતાવો,
રસ પ્યાલા પીઓ પાવો,
અંગે પિયુની, રંગે જોબનિયું,
માણી હયોને લ્હાવો રે—જાઓ.

અંપક- ૧૦

હુ તો પ્રેમની જોગણુ પિયુને શોધવા ચાલી,
શોધવા ચાલી પિયુને શોધવા ચાલી—હું તો.
રાજની ભોગણુ બની શિરતાજની જોગણુ (૨)
પિયુને શોધવા ચાલી—હું તો.
પ્રેમની કફની ધરીને પ્રેમની ઝોળી,
અંગે ભભુતી પ્રેમની બસ પ્રેમથી ચોળી—પીયુને.
કરૂં આધના શણુગારને, કરૂં શ્યામનું દરશન,

રટું મંત્ર કર માળા લઇ, બસ પ્રીયતમ પ્રીતમ-પીયુને.

ચંપક- ૧૧

જઇ કહેજો સંદેશો કહેજો મારા શાંમને—હો શશી.
તું તો જઇ કહેજે સંદેશો મારા શામને,
આજની રજની વીરા વેડફેરો વીસરજે
કે ત્વશશી પહોંચે પતી પ્રમને—હો શશી.
વંદશી વીણુંશી જેમ હરણી ફરે વનમાં,
તેવી રિયમાં તુજ નાર છે—હો શશી.

ચંપક— ૧૨

દુહો.

ગીરીવર ગીરીવર હે કાંઇ બાળ બાદળથી વાતો કરે,
દીઠા હોય તો દેખાડને બાળ કાંઇ ભરથારની.

દુહો.

વાદળી વાદળી વાદળીરે દુર દેશથી આવની;
દીઠા હોય તો દેખાડને બાળ કાંઇ ભરથારની.

ચંપક- ૧૩

કાગ વિશ વેગે વાલમને દે જા દુઃખીનો સંદેશ,
જોગણને વેંષ વિજોગણી કે, જા જમે દેશો દેશ.
જાગે જીવની ધુપ હૃયે,
ધતનો કહે બલાય;
પાકો ફુરે ન સાનિયે,

એ.૨ કહ્યાંસે લાય.

ગાગરના પાણીં ઝુરી છળે,
સાગર ન માજા ઝુડી છળે,
નીતીનો ધારો એ ધરો પ્રાણેશ,
દેશો ના ધારો પરરો પ્રાણેશ—કાગ.

ચંપક-કાળીદાસ— ૧૪

લેગે ન લ્હેર પવનની વાવે- તેમ ન પંખી જણાવે,
તેવે સ્થિર ગભીર જલમાંહે કાં તું ડેલા ખાવે,
દેખી મુજ દુખ શિર કંપાવ, કે મરતી મુજને અટકાવે-દે.
પ્રથમ કમળ ડોલી કહે તુજને નથી પતી તુજ આ ઠામે,
પછી ડાલી સમજાવે જાન જીવનો ભદ્રા પામે
પ્રાણ તુ નપરહરાધારી નજર કર આમ મનોહારી—પ્રાણ-

કાળીદાસ ચંપક— ૧૫

આવો મારા પ્રાણના આધાર—આહા.
લાગી મને પ્રેમની કટાર—અહા.
છબીલા છોગાળા દીસો;
રસીલા હૈયાના હાર;
કામણગારા ને રંગીલા,
શાણા સુંદર ભરથાર.
નયન કટાક્ષના તિરો લગાવી,
(મારૂં) કાળજું કેર્યું આવાર.
લટકે લોભાવી મારા મનને ભમાવી,
મને માર્યા છે મોહનાં બાણ;

અરે પ્રાંણ પ્યારા–માર્યા છે મોહનાં બાણ (૨)—છબીલા.

**ચુડામણી—** ૧૬

જાન જાય તોય ના ના ન છોડું,
જાન જાન લઉં બસ જાન—જાન.
ફરી ધરી ફરી. સ્થળ સ્થળ સ્થળ,
કરી કરી કરી, કળ બળ છળ—જાન.

—※—

**વીલાસી—** ૧૭

શી ખીલી જુવની જાદુગરી ભરી મારી.
ગોરા શા ગાલ અને નાગણ શા વાળ
અને કામણની જવાળા ફસાવી.
લીધા ફસાવી કો નરને કીધા મેં,
જંગી સંગી જીતનારી.
વીલાસી નામે છું ગુણકાના કામે છું
ગામે જાણીતી હું નારી
પંખી મને ધારૂં તો ઘઘ પણ મારૂં
એવી છું નારી ઠગારી—શી ખીલી.

**ચુડામણી—** ૧૮

કપટની મુરતી કામણગારી–ત્રસુત્રસ વેસ્યા છે,
વ્યભીચારી—કપટની.
રમાડી એકને રાખે છે રાજી–બીજાથી ખેલે પ્રેમની બાજી,
ત્રીજાને તો પ્રીત બતાવે છે તાજી—કપટની.

**વીલાસી-દેવીદાસ-ડોસી—૧૯**

રાજપુરનો રહેનારો આ થયો મુજ ઘેરે મહેમાન,
મે પણ રાખ્યો ખુશી થકી ધારી છે ધાર થકી આ જાણ.
વાતચીતમાં બેઠાતાં બન્ને ત્યાં બારી પર જઇ કહ્યું,
ગજગજ મોટાં પાન ભરી જો પેલી ગલીમાં ગાડુ ગયું.
હું પણ થઇ નાદાન ખરીદે જાણી ખરૂં એ જોવા ગઇ,
પુછો તે પાછળ મારા આ શેઠ તણી કેવી ગતી થઇ,

**દેવીદાસ—**

મેં આવીને પુછ કરી કે બાઈ વીલાસી કયાં ગઈ છે,
કહે મને કે ગઇ વીલાસી કોઇ પુરૂષ સંગે લઇને,
ચડયો ક્રોધને પડયો પાછળે પાછળ આવી વીલાસી.

**વીલાસી—**

કહે મુજને ગયા શેઠ તો કોઈ નારી સંગે નાસી,
હું પણ ક્રોધે થયને રાતી માતી તેની પુઠ વળી,
પાછલથી આ માડી મારી મંદીરથી ઘર પાછી વળી.

**ડોસી—**

મને કહે રાજપુરેથી અશુભ વાત એક આવી છે,
તેથી કરવા સ્નાન વિલાસી નદીપરે સીધાવી છે,
રાજપુરે મુજ પતી રહે છે મે, જાણ્યું કે એજ મુવા,
છતે ધણી કુટયા પીટયાને ફોગટ હાય ફજેત મુવા.

**ટેલીયો—** ૨૦

થ શું થાશું અમે મોટા શેઠીયા, (૨)
જાશું જાણું બની ઠનો શેઠીયા,

રંગીલા શેઠીયા, રંગીલા શેઠીયા, છબીલા શેઠીયા,
શેઠીયા, શેઠીયા, શેઠીયા—ધ્રુવ.
બટારણી જેતઈ શેઠ આનંદના ભેરયા,
શેઠ બીજી શેઠયા ગાડીમાં લેગીય -ચલાવં બસ ચતાવ-થાશું

## ફરબારી વારાંગના— ૨૧

ફરકો ધ્વજ ધમ કેરો, ધામણિયની નગ્રો ત્રણ ભુવને—ફરકો.
નામો સ્વર્ગ નરવાણ તણું ચરણે મુખ તરેણુ—ફરકો.
દુર્જનને પરહરતાં સજ્જનને સમરતાં,
ગુણીજનના ધર્મ ભરતા ભોજ બુધાળ
ભય વામો વિજય પામો અક્ષય જામો રાજયાસને – ફરકો.

## કાળીદાસ— ૨૨

કરી આવું સાબી ી મા-ી
બાલ્યાને વૃધ્યાારાા આગળ પાછળ તે ટાળો
મદોની પુવાને પકડી લે કાબુમાં તારી—કરી
જુવાનોને પ્રેમ પ્રભુનો પાશો અમર ધરી
તો મળશે પદમી મહા મોટી
મેક્ષ ગતીની બારી—કરી.

## કાળીદાસ— ૨૩

અશ્વિન સરા તમ મંદીરે દીને દીને વૃદ્ધી થજો,
પુનવસુનો વાસ પણ તમ મંદીરે વાજો હજો,
રેવતિ પતીના બંધુ કૃષ્ણ તણીજ સેવા ઉર હજો,
ફરી કર્તન કાર્તીક સ્વામી સમ પરાક્રમ તમ થજો.

**બે છોકરીઓ— ૨૪**

ગાજે ગાજે ગગન ઘમઘોર ચોમાસું આવ્યું રે,
જામે વાદળીયોનું જોર—ચોમાસું.
કરે કોયલ ટહુકાર ચોમાસું
આખા જગમાં છાયો અંધકાર—ચોમાસું.
ગાજે મેઘને વીજળી થાય—ચોમાસું
મીઠા વાયુ તણી લ્હેર વાય—ચોમાસું.
પડે ઝરમર ઝરમર નીર—ચોમાસું.
ભરે નદી સરોવર તીર—ચોમાસું;
આવ આવરે વરસાદ નેગલ પાણી,
આ નહારી છોકરીને દેડકે તાણી
આવ આવરે વરસાદ નેગલે પાણી.
આ મોઘીબાઇની મોનડીને દેડકે તાણી—ગાજે.

**વી. સી.— ૨૫**

દીવાનાં દિલડાં ડાહ્યું જરી તું થાજે,
માસ્તરનાં મનડા માની જરા સ્થીર થાજે,
કાં નાહક મરવા બની મતંગ દીવે ધારે—દીવાના૦
દીવાને દરકાર નહીં, બળી બળી મરે પતંગ,
એવો જીવડા જાણતું જુઠો પ્રીતને રંગ,
એવા જુઠા રંગે ન રંગારે—દીવાના૦
જે મુખ્તપર મોહીને તું તરફડી મર અહીં,
તેને તારૂં સ્વપ્ન નહીં, મીઠી નીંદર મહીં.
મિથ્યા આસા તજે ન તજું રે—દીવાના૦

**સખીયે.—** ૨૬

સખી જેણે મે દ મદીરા પીધો,
જાણો છતી આંખે અંધાપો લીધો—સખી૦
કર્મ આચાર ત્યાગી, શર્મ આચાર ત્યાગી,
ધર્મ આચાર ત્યાગી દીધો,
ત્યાગી તેણે શન્તિ સંતાપ માગી લીધો—સખી૦
વિદ્યા વીવેક ત્યાગી, કુળની તો ટેક ત્યાગી,
છેક અહાર ત્યાગી દીધો,
ત્યાગી તેણે દુખ ઉજાગરો લીધો—સખી૦

**સખીઓ—વિલાસી** ગાયન ૨૭.

કેની બેની શું જોઈ મોહી બેઠી શુધ શાન તું,
બેઠી મેલી ઘેલી ખાન પાનતું,
મોહી કાયાને જોઇ માયાને જોઇ.

**વિલાસી—**

અમારી વાતની તારે પીંચાતશી જાને અહિંઆથી
તું કેની બેની.

**સખીઓ—**

ચાલ ચટકે મોહી છે શું કેવી
મુખ મટકે મોહી છે શું બેન
કેની એવાસા કામની બની બેઓનતું
મોહી કાયાને જોઇ માયાને જોઈ-અમારી.
કેની બેની શું જોઈ મોહી બેઠી ખોઇ શુધ શાનતુ

વિલાસી ગાયન ૨૮

માફી કરીને મોહે બાણ કવી કુડા,
કાતીલ થઇ આમ ન સતાવ,
ચોરી કરીને ચિત પ્રાણ કવી કુડા—કાતીલ૦
તારા પ્રેમની લગ્ની લાગી મુને,
જાગ જાગ બળું આગથી બચાવ કવી કૂડા—કાતીલ

કાળીદાસ— ૨૯

ખરેખર તુલસી સમ ગતી તારી,
બાત જુદી પણ ભાત એક છે,
એહ પૂરૂષ તું નારી—ખરેખર૦
ગાડો તે ગુણીકા પુઠે, તું મારાપર જેમ,
ત્યાં થઇતી ગત તે તરી તારી અહી થઇ તેમ—ખરે૦
કાષ્ટ ગણીને સબ ધરી, ઉતર્યો તે નદી પાર,
સમજી દોરી સાપને, પકડી ચઢ્યો અટાર—
તે અગ્નિને ફુલ ગણી; ધર્યો હાથ મોઝાર
બની પ્રેમાંધ પરચો અરે, અવળો જો શણગાર—
દ્રઢ વૃતી દ્રઢ પ્રાણ છે, બેના એક સમાન.
તુલસી સમ તર તુંય લહી વેષ્યા વચન પ્રમાણ—ખરે૦

કાળીદાસ— ૩૦

ખર ખરચી શીદ તું ખો, ઓ અંધા આંખે જો—ખર
ખોટ ખરીદીમાં જજ પડશે, રાંકો થઇ પછી રો—ખર

ભવ બુદબુદો બારે લો, શું સુખમાં તું સુતો,
પ્રાણ અચાનક પળમાં જાશે, સહાય ન કરશે કો—ખર
દિલ ધર તું શે ઠગો, મહેમાન પલકનો છો;
ચતુર ખેલ નવ ચુક તું તારો, પડે ન પછો પો—ખર
બોલ ખરા કાનજીના, ખરી ધીર ધયાન ધરજો,
રામ નામ નીશદીન મનથી, લે જમાવી લો—ખર૦

કાળીદાસ— ૩૧

કૃષ્ણે ચોર્યા વસ્ત્ર ગોપીજનના બેઠો જઇ ડાળીએ,
ગોપી નગ્ન નિત બપર કરહઇ લજ્જા થકી કરગરે,
તોય લેશ ન કાન ધરતો એ કાન્હ કાળો કંઇ,
જોઇ નીરલજ ચિત્ર એજ મુજને બારે અરેરાટી થઇ

વિલાસી-- ૩૨

મુરખ મનવા તજ તોફાન,
રટ તું એક નિરંજન નામ,
માત તાત સુત બાંધવા બેની,
માયા તણા ગુલામ—રટ તુ.
હાય હાય કરી રડે હજારો,
કોઇ ન આવે કામ--રટ તુ.
બાગ બંગલા છોડી છેવટે,
જઇ વસવુ સમશાન—રટ તું.

કાળીદાસ-- ૨૩

કરું હું પ્રેમે તને પ્રણામ,
દેવ તણી મહાદેવી દશા તું સરવ થકી બળવાન,

ઘડીમાં રાયને કર તું રંક,
રંકને રાય બનાવે પળમાં એવા અજબ તુજ ઢંગ;
દશા એ રામચંદ્ર વનવાસ,
સીતા સતી સાધવીને થયો અસુર ઘેર નીવાસ,
દશા એ હરિચંદ્ર ભુપતી,
વેચી બાળ પોતે વેચાયો છેવટ વેચી સતી,
દશાયે ગાળી નાખ્યા ગાલ,
મોટા મોટા મહીપતીનાં હું પામર તે કોણ માત્ર.

## વિલાસી--                34

તોફાની દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે,
મસ્તાના દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે—તોફાની.
માયા પી સુતાં શું મુરખ જાગી કરો ઝટ સહાય,
પાપી પવનના ખાઇ પછાડા, ભાઠે જય ભરાયારે—તોફાની
મહા સાગર તો માપી આવ્યા ખડું ખુંચી જાય
લખ ચોરાસી બંદર ફીધા, ફોગટ ફેરો થાયરે—તોફાની૰

## ભોજ-લીલાવતી—          ૩૫

આજ્ઞા આપોને પીયુંજી કરૂં રૂં હું અગ્નિમાં પ્રવેશ.
સાચું હું શિયળ બતાવવા—આજ્ઞા.
પીતળ હેમજ પારખીયું ઉતાસને હોમાય,
સુવરણ ધીળપ નાથજે પીતળ કાળુંજ થાય.

ભોજ—      છે શું સતા,

રાણી—      જી હા.—આજ્ઞા.

લીલાવતી-ચપક— ૩૬

રંગે રસીલી વાલમજીનું નામ—રંગે.
એ વેરણ થઇ આ રાત શાંમ વીના
સરવે સ્થળ આવે તારો સ્યાંમ—રંગે.

વીલાસી— ૩૭

પરદેશી મુસાફર મારગ વીકટ છે ચેતી ચાલજો
આ દેશ તણી વસ્તી સહુ ઠગ છે ચેતી ચાલજો,
માયા છે અહીંની મહારાણી, ચોર તણી પણ ચોર;
મોહ મદીરા પાઇ બનાવે અંધ, એ રાંડ નઠોર,
યથા રાજા તથા રઇયત છે, એક ચોરતો એક ઠગછે
ઉપર તો ધોળા બગ છે, પણ અંતર કાળા કગછે-
ચતુર નર ચેતી ચાલજો૦

કોઇ કહેસે માત તમારી, કોઇ કહેસે તાત,
કોઇ કહેસે ત્રીયા તમારી કોઇ કહેસે ભ્રાત,
ચતુર ચોરાની એ ચતુરાઇ, સમજી જો સત્ય સગાઇ
ભોળા ભયા ભૂલ ખાઇ, તો લાખો જશો લુંટાઇ-
ચતુર નર ચેતી ચાલજો૦

કંચનીઓ- ૩૮

રાજાને રાજાસને રાજે જેવા રવીસસી ગગને
ગાજે ત્રીભુવને ગાજે જેવા જળ હળ ગગને
છાજે રઇયતને આવી ચળપદે છાયું જેવું છે ભુતલગગને

ચંપક-લીલાવતી-- ૩૯

જરા ધીરી તું થા રસીલી છબીલી સમજી તું જા-જરા,
ઘણી રીતે હુ સમજાવું તુજને,
નહીં દુર થાવ--જરા--સખી--બેની ધીરી તું થા,
પ્રીયતમ તુજને મળશે જો કાલે,
સાચું છે નાના કહોને હાના બનાવો શું બા-જરા૦ ન૦ ણી૦

ચંપક-- ૪૦

સંસાર સમજીએ શાણા-મુસાફર ખાનું.
કોઇ કોઇ આવે કોઈ કોઇને જવાનું શાણા--મુસા૦
કરમનું જોગનું છે સંજોગ વીજોગ શાણાં--મુસા૦
રોઇ રોઇ આંસુડાની નદીઓ ભરે તોય શાણા--મુસા૦
ગયું તે ગયું શું આવી આંસુ લુછવાનું શાણા--શાણા૦
પંખીડાને કાજે ઘેલા રડે શું થવાનું શાણા--મુસા૦

તમામ પાત્રો— ૪૧

ધન્ય ભાગ્ય શ્રી દેવી ફળીયાં અમારા,
પુર્ણ પુણ્ય શ્રી દેવી ફળીયા અમારા—ધન્ય૦.
ફીકર છોડાવીને સારી દીધા કાજ,
આનંદ પાર નહીં રાખી અમ લાજ—ધન્ય૦.

સમાપ્ત.